# અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ

શ્રી અહિંસાસુખ વિદ્રોહી. ગઈકાલે આપનું પુસ્તક ‘અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ’ મળ્યું. વાંચીને આનંદ થયો. ગુજરાતી સાહિત્યમાં અત્યાર સુધી લખાયેલી નબળી નવલકથાઓની સૂચિ મેં હાલ જ બનાવી છે. એમાં તમારી નવલકથાનો યોગ્યક્રમ મૂકતા માલૂમ પડ્યું કે ‘અણુબોમ્બમાં પાંગરેલો પ્રેમ’ ગુજરાતી સાહિત્યની બીજી સૌથી મહાન નવલકથા છે. અલબત્ત છેલ્લેથી! તો છેલ્લી કૃતિ કઈ એવો પ્રશ્ન પૂછી શરમાવશો નહીં! મેં ઘણું વિચાર્યું કે આ કૃતિમાં એ તમામ લક્ષણો છે કે એને પ્રથમ સ્થાન મળે, છેલ્લેથી! પરંતુ પ્રથમ સ્થાને જે વ્યક્તિ બિરાજે છે એના પ્રત્યે મને ભારે મમત્વ છે. એ તો હું તમને કેવી રીતે આપી શકું? હું આપનો ક્ષમાપાર્થી છું, શ્રી અહિંસાસુખ વિદ્રોહી. આ માટે આપ મને દંડ આપવા ઇચ્છતા હો તો તમારા કોઈ પણ અણમાનિતા કવિનું ગઝલનું પુસ્તક ભેટમાં મોકલી શકો છો.

આપની નવલકથાની વિલક્ષણતા અંગે વાત કરતાં પૂર્વે હું તમને મારી વાંચનપ્રક્રિયાનો થોડો પરિચય કરાવવા ઇચ્છું છું. હું ઊંચા અવાજે કોઈ પણ કૃતિનું વાંચન કરું છું. આથી મારી આસપાસના લોકો પણ શ્રવણ કરી શકે અને તેમનો પુસ્તક વાંચન માટેના સમયનો વ્યય ન થાય. મારા પાડોશીને બે

દિવસ પૂર્વે હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને એ હેમખેમ બચી ગયાં હતાં. ત્યાં મેં તમારી 'અણુબોમ્બ...' શરૂ કરી અને એમને ત્રીજો અને અંતિમ હુમલો આવ્યો. જે સર્જન કોઈનો વિનાશ નોતરી શકે એમાં તો કેટકેટલીય સંભાવનાઓ રહેલી છે, શ્રી અહિંસાસુખ વિદ્રોહી!

આ લખતા યાદ આવ્યું કે એમના બેસણામાં પણ મેં ધોળા પોશાકમાં સજ્જ થઈ આવેલા બે અપરિચિતોને આ નવલકથાનું કથાવસ્તુ કહ્યું હતું. એમને બ્રેઈનસ્ટ્રોક આવેલ! અને પછી એમના બેસણામાં જવાનો પણ મારે સમય કાઢવો પડેલ! ભારે મનોમંથન બાદ હું એ તારણ પર આવ્યો છું કે તમારી નવલકથાના કારણે તબીબોની અર્થવ્યવસ્થા બરાબર ચાલી શકે એમ છે. આગામી સમયમાં આ નવલકથાના કારણે જ મેડિકલમાં ખાલી રહેતી કેટલીક સીટો જો ભરાઈ જાય તો સમસ્ત દાક્તરી વિદ્યાશાખા આપની ઋણી રહેશે.

તમારી નવલકથા 'અણુબોમ્બ...'માં અસંખ્ય વિશિષ્ટ પાત્રો છે. જ્યારે નવલકથા આટોપી ત્યારે મને વિચાર આવ્યો કે કદાચ મારી જાનમાં પણ આટલાં પાત્રો તો નહોતાં જ. એથી આપની વિશિષ્ટ રચના મારી દૃષ્ટિએ અને મારા જીવનને લઈને ઘણી બધી રીતે દ્યોતક નીવડે છે. તમારી નવલકથામાંથી મારા જીવનનો કશોક સંદર્ભ મળી આવતા, આભારી છું!

કૃતિનું જે જે વાંચન કરશે એમને જ સમજાશે કે અણુ એ નાયિકા છે અને બોમ્બ એ નાયક છે. આવું અલભ્ય અને અભિનવ શીર્ષક આપને કઈ રીતે જડ્યું એની ગડમથલમાં મારી ખીચડી બળી ગયેલી. અને બાદમાં પત્નીનાં પ્રકોપના કારણે મેં બળેલી ખીચડી જ ખાધેલી. અણુબોમ્બ...માં આટલો રસવૈભવ તમે ક્યાંથી લાવી શક્યા? હું ઇચ્છું છું કે આ

નવલકથાનો અંગ્રેજી ભાષામાં પણ અનુવાદ થાય અને પશ્ચિમી સાહિત્યના ભાવકોની ખીચડી પણ અગ્નિ સાથે રાસ રમે.

એમાંય જ્યારે નાયક-નાયિકા – અણુ અને બોમ્બ રણમાં વડલાના ઝાડની શીળી છાંયામાં પ્રથમ ભેટ કરે છે, એ દૃશ્યથી મને એકસાથે મારા જીવનમાં થયેલાં દસ-બાર પ્રેમ પ્રકરણો યાદ આવી ગયાં. તમે એમ ન સમજતા કે હું એ બધાની અહીં વિગતે વાત માંડીશ. કારણ કે એમાં અણુબોમ્બની પ્રેમ કહાની જેટલો રસવૈભવ તો ક્યાં હોય? એ વર્ણન મને પુલકિત કરી ગયું. દરેક પ્રકરણના અંત સાથે બીજા પ્રકરણને વાંચવાનો લોભ હું રોકી નહોતો શકતો. તમને તો ખ્યાલ જ છે કે નવલકથામાંથી જેવું કોઈ સારું વાક્ય લાગે કે એ હું વાંચતા વાંચતા ફેસબુક પર ટપકાવતો જઈ રહ્યો હતો. જેથી આપની કીર્તિ સમગ્ર વિશ્વમાં પ્રસરે.

પુસ્તક વાંચી પ્રતિભાવ આપજો આવું પૂછનારી ફેસબુકની મારી નારીમિત્રને મેં આપનું પુસ્તક ખરીદીને ભેટમાં આપી દીધું. ખબર નહીં કેમ? પણ હવે મને એ ફેસબુક પર દેખાતી નથી. કદાચ તમારા શબ્દોમાં ઊંડી ઊતરી ગઈ હશે અને થોડી ક્ષણો માટે તેણે ફેસબુક સંસારનો ત્યાગ કર્યો હશે.

આ રીતે જ નવલકથામાં અધવચ્ચે આવતી કેટલીક કાવ્યપંક્તિઓ મારા ચિત્તના તારને ઝણઝણાવી ગઈ. આપને જાણી આનંદ થશે કે વારંવાર પાના નંબર ભૂલી જતાં એમાંથી હું બે ત્રણ વખત પસાર થયો છું! કૃતિમાં કુલ બસ્સો સોનેટ છે એ તેની વિલક્ષણતા દર્શાવે છે, કુલ એંસી અછાંદસ વાંચીને પણ હું મુગ્ધ થયો છું. ચાલીસ ખંડકાવ્યોમાંથી બે ત્રણ પસંદ કરેલા ખંડકાવ્યો મારી દીવાલની શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં છે. આ સિવાય નાયક બોમ્બ નાયિકાના વિરહમાં જે ત્રણસો

જેટલી ગઝલ લખે છે એ વિષે તો શું કહું? નવલકથામાં કવિતા!

લોભી એવા ઉદ્યોગપતિ પિતા કણલોભી પ્રોટોન સામે પ્રેમનું આંદોલન છેડી અણુ અને બોમ્બ જ્યારે રણ માર્ગેથી સમુદ્રે અને ત્યાંથી એટલાન્ટિકના થીજાવી દેતાં પહાડો પર ચાલીને જાય છે ત્યાં આપની કલમે કમાલ કરી છે. અહીં તો જાણે આખેઆખો પરિવેશ વાંચતા જ અનુભવાયો. થયું કે હવે ત્યાં જવાની પણ શી જરૂર છે! આપે આપના શબ્દો દ્વારા અમારું ખિસ્સા-દ્રવ્ય બચાવ્યું એ માટે હું આપનો આજીવન ઋણી રહીશ. એ ચારસો પાનાંનું લખાણ અને એ પ્રવાસ થોડો લંબાવી શકાયો હોત એવું હું માનું છું. અને બાકીનાં છસ્સોએક પૃષ્ઠોમાં જે રીતે બેઉં અવકાશયાન બનાવી વાયુમાર્ગે બુધગ્રહ પર ચાલ્યાં જાય છે એ વાંચી હું દ્રવી ઊઠ્યો. આર્ટ્સ વિદ્યાશાખાના સમાજશાસ્ત્ર વિષયમાં બે વખત નાપાસ થયેલી નાયિકા અણુ અને પાંચ ધોરણ ફેલ અણિયાળું – કંઈક અંશે તીખું નાક ધરાવતા નાયક બોમ્બમાંથી પ્રેરણા લઈ આપણે પણ વિજ્ઞાન જેવા વિષયનું ઈત્તર વાંચન કરવું જોઈએ.

શ્રી અહિંસાસુખ વિદ્રોહીજી, મારું તો મક્કમપણે એવું માનવું છે કે આપનું પુસ્તક અભ્યાસક્રમમાં સ્થાન પામવું જોઈએ. આ માટે મેં શિક્ષણખાતામાં અરજી કરી છે. ચીમકી પણ આપી છે કે જો આ પુસ્તકને અભ્યાસક્રમમાં સ્થાન નહીં મળે તો હું ગુર્જરભૂમિની દરેક ગલીઓમાં તેનું લાઉડસ્પીકર સાથે પઠન કરીશ. મારી ચીમકી સાંભળી તેઓ એક વખત મારી દીર્ઘ મુલાકાત પણ લઈ ગયા છે. એમને જ્યારે કથા સંભળાવી ત્યારે તેમણે બે હાથ જોડી કલ્પાંત કરી મૂકેલ. જો હું આપની આ વિશિષ્ટ કૃતિ ન વાંચું તો અધિકારીઓ

મને એમનો આ મહિનાનો અડધો પગાર આપશે એવી લાંચ આપી છે. પણ હું એમની લાંચમાં આવવાનો નથી! ભલે હું બેરોજગાર રહ્યો, પણ એક સાચા સર્જકને અન્યાય નહીં થવા દઉં. આપે કથામાં જે સંવેદન વાવ્યું છે તેને મારા બે હાથ જોડીને વંદન. વધુ કંઈ ન કહેતાં હવે હું અટકું.